# સમ્યગ્દૃષ્ટિ : સ્વરૂપ અને પ્રાપ્તિના ઉપાય

## પૂર્વાર્ધ (સ્વાધ્યાય ૧૬) નું પુનરાવર્તન

આ વખતે આપણી ગોઠડીમાં થોડું ઊંડું કહી શકાય તેવું વિચારવાનું મન થયું છે.

આમ તો આપણી આ છઠ્ઠી ગોષ્ઠી છે. પાંચ ગોષ્ઠીમાં કેટલાંક હળવા-ભારે વિચારો કર્યા અને એ બધા સારી રીતે ઝીલાયા તેથી વિશ્વાસ વધ્યો અને થોડી હિંમત ભેગી કરી આજે અઘરી કેડી ઉપર પગરણ માંડવાં છે.

આટલી પ્રસ્તાવના પછી હવે મૂળ વિષય ઉપર આવીએ.

અમુક શબ્દો આપણે ત્યાં ખૂબ જ પ્રમાણમાં ચલણી બનેલા હોય છે. વળી એમાંના કેટલાંક તો સાવ એટલી હદે ઘસાઈ ગયેલા જણાય છે કે તેના અસલ અર્થને સાવ ગુમાવી બેઠાં છે. જેમકે **વિવેક. આ શબ્દને દશમા નિધાનની ઉપમા આપી છે, રત્ન કહ્યું છે.** પરંતુ આજે ? આજે તો તે સાવ ચા-પાણીની પૃચ્છાનો પર્યાય બની ગયો છે. 'તેમના ઘેર ગયા પણ ચા-પાણીનો વિવેક પણ ન કર્યો.'

આ વાત થઈ સાવ ઘસાયેલા શબ્દની. હવે જોઈએ નવા નકોર શબ્દને. એ શબ્દમાંથી હજીયે તેના મૂળ અર્થની સુવાસ પ્રગટે છે. એ સુગંધ તેમા સચવાઈ છે. તે પૈકીનો એક શબ્દ છે : દૃષ્ટિ.

આ દૃષ્ટિ શબ્દ ખાસ કરીને બે અર્થમાં બરાબર વપરાતો જોવા મળે છે. એક અર્થ સામાન્ય છે અને બીજો અર્થ વિશેષ છે. **સામાન્ય અર્થ દૃષ્ટિ એટલે આંખ/નજર.** "એમણે ચક્ષુદાન કર્યું એટલે એક જણને નવી દૃષ્ટિ મળી." આમાં દૃષ્ટિ એટલે આંખ.

જ્યારે વિશેષ અર્થ જીવનની દૃષ્ટિના અર્થમાં વપરાય છે. **“તેમની દૃષ્ટિનો ઉઘાડ થયેલ છે. તેમની દૃષ્ટિ વિધાયક છે.” અહીં દૃષ્ટિનો અર્થ વિચારસરણી.** આ દૃષ્ટિના બે ભેદ છે.

જૈન દર્શન કોઈ પણ પદાર્થને તેના સમગ્ર અંશ સાથે જોનારું છે. સર્વ અવયવ સમેત જ્યારે કોઈ પદાર્થને જોવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેનો યથાશક્ય પૂર્ણ પરિચય થાય છે. આ થઇ સ્યાદ્વાદ શૈલી. **સ્યાદ્વાદનું બીજું નામ છે - વિભજ્યવાદ. અર્થાત્ કોઈ પણ પદાર્થનો વિચાર કરવાનો અવસર પ્રાપ્ત થાય એટલે તેના શક્ય એટલા વધુ પહલુને જોવાનો - તપાસવાનો તે પ્રયત્ન કરશે.**

આ દૃષ્ટિના બે ભેદ; એક સમ્યગ્દૃષ્ટિ અને એક મિથ્યાદૃષ્ટિ.

**સમ્યક્ એટલે સત્ - સત્ય જે દૃષ્ટિ તે. તે અવશ્ય સત્ પક્ષપાતીની હોય જ.** તેનાથી વિપરીત તે મિથ્યા તેવી મિથ્યા દૃષ્ટિ. તેને અસત્નો પક્ષપાત હોય. **આ સાચી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ હોય તેને જૈન ધર્મની પરિભાષામાં સમ્યગ્દૃષ્ટિ આત્મા કહે છે.** ચાલુ રૂઢ ભાષામાં સમકિતી, સમ્યક્ત્વવાન વગેરે કહેવાય છે. અને તે પદાર્થને સમ્યગ્દર્શન કહેવાય છે.

સમ્યગ્દર્શનના બે ભેદ પડે છે. એક કારણ-સમ્યગ્દર્શન અને એક કાર્ય-સમ્યગ્દર્શન, જેને પ્રચલિત ભાષામાં વ્યવહાર-સમ્યગ્દર્શન અને નિશ્ચય-સમ્યગ્દર્શન કહેવાય.

**કારણ-સમ્યગ્દર્શનની વ્યાખ્યા એ છે કે સુદેવ-સુગુરુ અને સુધર્મને, દેવ-ગુરુ અને ધર્મ તરીકે સ્વીકારે.** દેવ-ગુરુ અને ધર્મ માન્યા વિના તો ચાલવાનું નથી તેને તો પરીક્ષા કરીને પણ માનવાના છે.

**જેના રાગ-દ્વેષ અને અજ્ઞાન સર્વથા ચાલ્યા ગયા હોય તે જ દેવ ઉપાસ્ય બની શકે.** અન્યથા સ્વયં જે રાગી-દ્વેષી અને અજ્ઞાની હોય તે તેની ઉપાસના કરનારના રાગ-દ્વેષ ને અજ્ઞાન ક્યાંથી નિવારી શકે ? **રાગ-દ્વેષ ને અજ્ઞાન નિવાર્યા વિના કે ઘટાડ્યા વિના સાચા સુખનો અણસાર પણ ક્યાં મળવાનો હતો ?** તેથી તે રાગ-દ્વેષ અને અજ્ઞાન વિનાના દેવને માને.

તે જ રીતે **જે પોતાના અજ્ઞાનને દૂર કરનારા છે તે ગુરુ પણ સ્વયં તેવા દેવ થવાના વિચારમાં હોય અને તેને અનુરૂપ પોતાનું જીવન જીવનારા હોય.** યમ-નિયમ પાંચ મહાવ્રતો પાળતા હોય, કંચન-કામિનીના ત્યાગી હોય તેને જ સુગુરુ માનવા.

**ધર્મ પણ સંપૂર્ણ જ્ઞાનીએ જે પ્રરૂપ્યો હોય, સ્થાપ્યો હોય તે જ ધર્મ.** આવી દૃઢ માન્યતા અને તેથી જુદી માન્યતા, એટલે કે રાગી-દ્વેષી અને અજ્ઞાની તત્ત્વને ઉપાસ્ય દેવ તરીકે માને. ઘરબારી હોય તેને પણ ગુરુ માને. આધ્યાત્મિક કવિ અખાએ ગાયું છે.

**ગુરુ ગુરુ નામ ધરાવે સહુ,**
**ગુરુને ઘેર બેટા ને વહુ;**
**ગુરુને ઘેર ઢાંઢા ને ઢોર,**
**અખો કહે આપે વળાવીયા ને આપે ચોર.**

આમ, આવા કુગુરુ ન કરે. એ જ પ્રમાણે હિંસા વગેરેમાં ધર્મ ન માને. આવો શુભ વિચાર-શુભ અધ્યવસાય તેને કારણ સમ્યગ્દર્શન કહેવાય. આવા સમકિતી તો આપણને ઘણા જોવા મળે. આ થઈ કારણ-સમ્યગ્દર્શનની વાત.

હવે આપણે જોઈએ કાર્ય-સમ્યગ્દર્શન.

કાર્ય-સમ્યગ્દર્શન કેવું હશે ? એમ મનમાં જિજ્ઞાસા થાય. કાર્ય-સમ્યગ્દર્શનની સામે કાર્ય-મિથ્યાદર્શન કે મિથ્યાત્વ પણ હશે જ. હા છે જ.

**કાર્ય-સમ્યગ્દર્શન એટલે આત્મરતિની અવસ્થા. નિરંતર જ્ઞાન દશાની પ્રાપ્તિ.**

કાર્ય-મિથ્યાદર્શન એટલે અનાત્મરતિ. **અનિત્ય પદાર્થ સાથે તે નિત્ય છે તેમ માનીને થતો વ્યવહાર તે મિથ્યાત્વ.**

આ આત્મરતિ સ્વરૂપ કાર્ય-સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂજ્યપાદ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજને શ્રીપાળના રાસની રચના કરતાં કરતાં થઈ હતી. તેનું સ્પષ્ટ પ્રતિપાદન તેઓએ શ્રીપાળ રાસના ચોથા ખંડની છેલ્લી ઢાળમાં કરેલું છે :

**મારે તો ગુરુ ચરણ પસાયે અનુભવ દિલમાં પેઠો,**
**ઋદ્ધિ વૃદ્ધિ પ્રકટી ઘટમાંહી આતમ રતિ હુઇ બેઠો;**
**મુજ સાહિબ જગનો તૂઠો.**

આ આત્મરતિની અવસ્થા એટલે તેની પ્રતિપક્ષ વિચારણા જે અનાત્મરતિનો સર્વથા અભાવ.

આત્મામાં જ રતિ, સંપૂર્ણ પૌદ્ગલિક/ભૌતિક પ્રત્યે માત્ર સાક્ષીભાવની અવસ્થા. ન કર્તૃત્વભાવના, ન ભોક્તૃત્વભાવના.

**જ્યારે આપણી સહજ મનોવૃત્તિમાં જીવો પ્રત્યે સંવેદનશીલતા અને પદાર્થ અને પરિસ્થિતિ પ્રત્યે માત્ર સાક્ષીભાવની નિર્લેપતા પ્રગટ કરે છે ત્યારે તો આનંદ ને આનંદનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે.**

ધન વૈભવ નકલી અને પોકળ લાગે છે. સંબંધો કામ ચલાઉ અને ઉપરછલ્લા લાગે છે. મનમાં કોઈ અગમ્ય અપાર્થિવલોકની શાંત આનંદની લહેરખીની આવન-જાવન રહ્યા કરે છે. તેના મનનો ઓરડો કદી ન આથમે એવા અજવાળાથી હર્યો ભર્યો બની રહે છે.

**વિપત્તિમાં તો તે (મનનો ઓરડો) પ્રભુની વધુ ને વધુ નજીક હોય છે. અને સંપત્તિમાં તે સુકૃતોના માધ્યમથી જીવોની વધુને વધુ નજીક હોય.** પોતાના સુખને વહેંચતા ફરતા હોય છે અને બીજાના દુ:ખને પોતાના કરતા હોય છે. એઓ એક એવી વ્યવસ્થાને સ્પર્શતા હોય છે કે જ્યારે સુખ અને દુ:ખ પરસ્પર પ્રતિપક્ષી ભાવો નહીં, પર્યાય ભાવો બની રહે છે.

## ઉત્તરાર્ધ (સ્વાધ્યાય ૧૭)

આવી ઉત્તમ મન:સ્થિતિને શિખર કહીએ તો ગુણાનુરાગ તેની તળેટીનું પહેલું પગથિયું છે. આત્મરતિ એટલે અંતતોગત્વા-ગુણ, સદ્‌ગુણમાં જ મનની રમમાણ દશા છે. આ **ગુણો પ્રત્યેના પક્ષપાતથી-ગુણો પ્રત્યેના અનુરાગથી જ ગુણોનું પ્રકટીકરણ થઈ શકે છે.**

**ગુણાનુરાગ ગુણને ખેંચે અને એક ગુણ બીજા ગુણને ખેંચે એમ ગુણ આવતા જાય; દુર્ગુણ-દોષ ને દૂષણો ટળતા જાય, નીકળતાં જાય.** આપણાં જીવનનું મુખ્ય કાર્ય પણ આ જ હોવું ઘટે.

ગુણાનુરાગથી પ્રારંભમાં દુર્ગુણો ઉપર કાબુ આવે છે, સંયમ આવે છે. પછી દુર્ગુણનું કશું ઉપજતું નથી અને ગુણોનો એક વખત અનુભવ થાય છે. **ઔદાર્ય, સરળતા, ક્ષમા, પરોપકાર વગેરે ગુણોથી જે અંતરંગ તૃપ્તિ અનુભવાય છે તેથી એવો અનુભવ વારંવાર કરવાનું મન રહે છે.** ગુણાનુરાગથી દુર્ગુણો કાબુમાં આવે છે એ તેનું પ્રથમ ફળ છે તો યાવત્ સર્વ અવગુણ દોષ-દૂષણ કે દુર્ગુણનો ક્રમિક હ્રાસ, પછી સર્વથા તે દૂર થવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે.

એ જ પ્રક્રિયા સમ્યગ્દર્શનના પ્રકટીકરણમાં છે. અંતરંગ સ્વાધીન જે ક્ષમા, નમ્રતા, સરળતા ને સંતોષ જેવા - આત્મિક આનંદ આપનારા ગુણોને ઢાંકનારા, રુંધનારા; ક્રોધવૃત્તિ, માનવૃત્તિ, માયાવૃત્તિના પૌદ્ગલિક આવરણો ખસે-ઝાંખા બને તો અંદરના ગુણો પ્રકટ થાય.

એ ગુણોને બહાર લાવવા માટે બહારના ભાગમાં - **જે જે વ્યક્તિએ તે તે ગુણોને પોતાના જીવનમાં વ્યવહાર સુધી પ્રકટાવ્યા છે તે તે વ્યક્તિના તે ગુણોને જોઇને હૃદયથી પ્રમુદિત થવું તે પણ ગુણો મેળવવાનો ઉપાય છે.** અને ઉપાય દ્વારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી પ્રારંભાઈને યાવત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પહોંચી શકાય છે. આપણે આ વાત એક પ્રાચીન ઉદાહરણથી જોઈએ.

બિહાર પ્રદેશમાં ચંપા નામે નગરી હતી. તેની પાછળના ભાગમાં વસેલી નગરીનું નામ પૃષ્ઠચંપા હતું. ત્યાં મહાશાલ નામના રાજા હતા. તેમના નાના ભાઈ હતા શાલ. આ બન્ને ભાઈઓનો પરસ્પર પ્રેમ એવો હતો કે શરીર બે પણ મન એક. આ બે ભાઈઓને યશોમતી નામની એક બહેન હતી. યશોમતીને કાંપિલ્યપુરના પીઠકુમાર સાથે પરણાવી હતી. તેમને ગાંગિલ નામનો એક પુત્ર હતો.

એકવાર પૃષ્ઠચંપા નગરીમાં શ્રી ગૌતમસ્વામીજી પધાર્યા. મહાશાલ અને શાલ બન્ને વંદના માટે આવ્યા. ગૌતમસ્વામીજીની દેશના સાંભળી મહાશાલનું ચિત્ત વૈરાગ્યવાસિત બન્યું. દીક્ષા લેવા મન ઉત્સુક બન્યું. રાજ્યની ધુરા કોને સોંપવી ? નાના ભાઈ શાલને કહ્યું : રાજ્ય તમે સંભાળો. મારું મન સંસારમાંથી નીકળી ગયું છે.

દેશના સાંભળીને પાપથી ભીરુ બનેલા શાલે કહ્યું કે મોટાભાઈ! આપ જે કહો તે મારે માનવું જોઈએ પણ આપની જેમ મારું મન પણ પાપથી ડરે છે; દુર્ગતિમાં લઈ જનારું રાજ્ય મને પણ હવે નથી ગમતું. મહાશાલ રાજાએ કહ્યું કે ઉત્તમ તો શ્રમણજીવન જ છે. **મનુષ્યજીવનની પૂર્ણ સાર્થકતા આ સાધુજીવન દ્વારા જ સાધી શકાય છે.** તો હવે રાજ્ય કોને સોંપીશું?

ભાણેજ ગાંગિલને બોલાવ્યો. કહ્યું કે તમે રાજ્ય સંભાળો. ભાણેજ ગાંગિલ કહે : આવું ભર્યું રાજ્ય આપ શા માટે ત્યજો છો ? બન્ને મામાઓએ કહ્યું : **राज्यं तु नरकंप्रदम् ।** રાજ્ય ભોગવે તે નરકે જાય. એટલે અમે હવે સંયમ લેવા તત્પર બન્યા છીએ. ગાંગિલે મામાને કહ્યું આપ આ શું બોલ્યા, આપને નરકપ્રદ રાજ્ય ન જોઈએ તો મને પણ તે ન ખપે. હું પણ આપના પંથનો જ પથિક બનવા ઈચ્છું છું.

ગાંગિલે આ જ વાત પોતાના પિતા પીઠ રાજાને કરી, માતા યશોમતીને કરી. પીઠ અને યશોમતી પણ આ ત્રણેની વાતથી પહેલાં તો વિચારમાં પડ્યાં પણ પછી તેમને વિચાર આવ્યો; ગાંગિલને તો હજી સંસારના સુખ ભોગવવાની વય છે છતાં અર્થ અને કામમાંથી ઉપર ઊઠીને ધર્મ દ્વારા મોક્ષની સાધના માટે તે તત્પર બન્યો છે. અમારાથી હવે સંસારના કાદવમાં કેમ બેસી રહેવાય. માતા-પિતાના મનમાં ગડમથલ ચાલી અને તેમણે પણ એ જ રસ્તે જવાનો નિર્ણય જાહેર કર્યો.

બે વત્તા ત્રણ એમ પાંચના હૃદયની ભાવધારા ઊંચે ને ઊંચે વધતી રહી. વધુને વધુ વિશુદ્ધ બની અને પાંચે ય ભાગ્યવાન આત્માએ શ્રી ગૌતમ મહારાજાના ચરણોમાં જીવન સમર્પણ કર્યું. પ્રભુના માર્ગ - સર્વ જીવો પ્રત્યેના સ્નેહ પરિણામપૂર્વક અભયદાન આપવાની પ્રતિજ્ઞા કરી. દીક્ષા લીધી.

શ્રી ગૌતમસ્વામીજી સાથે બધા પ્રભુ મહાવીર પાસે જવા નીકળ્યા. રસ્તામાં મહાશાલ મુનિ અને શાલ મુનિ વિચારે છે કે આપણે તો શ્રી ગૌતમસ્વામી મહારાજની અમૃતવર્ષિણી, સંસારના સંતાપને શમાવનારી વાણી સાંભળી અને સંસાર તુચ્છ લાગ્યો અને સંસાર ત્યાગ કરવા કદમ ઉપાડ્યાં પણ આ ગાંગિલ તો કેવો હજી નાની વયનો કુમળો ભાણેજ. તેને મળતું રાજ્ય પણ ન સ્વીકાર્યું. રાજ્યની ઈચ્છા પણ ન કરી અને વૈરાગ્યના રંગથી રંગાયો. વળી તેને પગલે આ પીઠ અને યશોમતી પણ ચાલી નીકળ્યાં. ધન્ય છે આ ત્રણેયને. તેઓનો આત્મા કેવો સરળ, પવિત્ર અને હળુકર્મી હશે ! તેમનામાં કેવો જન્મજાત વૈરાગ્ય હશે કે સાવ નાનકડું નિમિત્ત મળતાં જ તેઓ જાગી ગયા. આવા જીવોનું તો જલદી જ કલ્યાણ થવાનું. આમ શાલ મહાશાલ બન્ને મુનિવરો આ ત્રણના ગુણોને વારંવાર સંભારીને અનુમોદે છે. તેમના ગુણસ્મરણથી પ્રમુદીત થાય છે.

એ જ પ્રમાણે પીઠ-યશોમતી અને ગાંગિલ પણ આ બન્ને ભાઈઓને જોઈ તેમના ગુણોના વિચાર કરીને ભાવવિભોર બને છે. યશોમતી ગાંગિલને કહે છે : આ સંસારમાં લોકો એક રાજ્ય મેળવવા કેવા કાવાદાવા, ખરખપટ અને જાતજાતના ષડ્યંત્ર ગોઠવે છે મેલી રમત રમે છે. અને એ પછી પણ રાજ્ય મળે જ એવું નહીં. ભાગ્યમાં હોય તો મળે. જ્યારે આ લોકો પાસે તો ચતુરંગ સેનાવાળું, શત્રુ વિનાનું, સુખદાયી સુંદર રાજ્ય હતું તે છોડીને બન્ને ભાઈઓ નીકળી ગયા. એમના હૃદયમાં

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કેવો ઊછળતો હશે કે એક જ વાર દેશના સાંભળી અને કોઇ કપડા પર પડેલું તણખલું હાથમાં લઈ ફેંકી દે તેમ સંસાર તજી દીધો. તેમના જીવનમાં ક્ષમા, સરળતા, નમ્રતા, સંતોષ, પરોપકાર, મૈત્રી, પ્રમોદ, કરૂણા વગેરે કેવા કેવા ગુણો ખીલવ્યા છે ! ખરે જ, આવા જીવોનો જન્મ સાર્થક છે.

**तेषां जन्म जीवितं च फलं तैरेव भूर्भूषिता ॥**
તેઓના જન્મ અને જીવન સફળ છે, તેઓ વડે જ આ વસુંધરા શોભી રહી છે.

પીઠ અને ગાંગિલ કહે કે આ ત્યાગ, આ વૈરાગ્ય ક્યાં જોવા મળે. ધન્ય છે આ ભાઈઓને !

આ રીતે આ ત્રણે આત્મા આ બેના અને આ બે, એ ત્રણના પરસ્પર ગુણોનું દર્શન અને ગાન કરવા લાગ્યા. એમ કરતાં કરતાં માત્ર એ રસ્તો જ ખૂટતો ન હતો પણ અંતરમાં એ ઊછળતા ભાવોથી કર્મનો જથ્થો પણ ખૂટતો હતો.

મોહનીય કર્મને કશું જ અનુકૂળ મળ્યું ન હતું. કષાયોની સામે પણ જોવાનું બંધ હતું તેથી એ મોહનીય કર્મ જ ગયું એટલે બાકીનાં ત્રણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય પણ ઢીલાં પડતાં ગયાં અને પ્રભુ મહાવીરના સમવસરણના પગથિયા ચઢે એની પહેલાં જ ગુણશ્રેણિએ ચઢવાના કારણે લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

આમ, ગુણાનુરાગ જે કેવળજ્ઞાન આપે છે તે જ ગુણાનુરાગ તેના પ્રથમ બીજ - સમ્યગ્દર્શનને પણ આપે છે; એટલે **આત્મરતિરૂપ કાર્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાના ધ્યેય સાથે પ્રથમ ઉપાય લેખે ગુણાનુરાગ નામના ગુણને જીવનમાં કેળવવાનો પ્રયત્ન કરીએ.**

કારણ-સમ્યગ્દર્શનને આપણે પરમાત્મારતિસ્વરૂપ કહીએ છીએ ત્યારે તેનો પણ અર્થ એ જ કરવાનો કે **પરમાત્મામાં રતિ-રાગ એ જ રીતે પરમાત્માના માર્ગનો રાગ અને એ માર્ગ ઉપર ચાલનારા માર્ગસ્થ ગુરુનો રાગ.**

તેમનામાં રહેલા ગુણો પ્રત્યે રાગ-બહુમાન કેળવવાથી એ કારણ-સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-સ્થિરતાનો લાભ થાય છે. પછી ક્રમશઃ કાર્ય-સમ્યગ્દર્શનરૂપ આત્મરતિ અવસ્થાની પ્રાપ્તિ સુલભ બને છે.

પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજને એ પ્રાપ્તિ થઈ હતી. એ સ્થાને પહોંચેલા પુરુષો પ્રત્યે, તેમના ગુણો પ્રત્યે રાગ-બહુમાન કેળવીને આપણે પણ સમ્યગ્ સત્ય દૃષ્ટિને હાંસલ કરીએ.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૬**

# ગોત !

હીરા-માણેક-રત્ન-ખજાના, બધ્ધું છે જા, અંદર ગોત !
સૂરજ-ચંદન-ધ્રુવ ને તારા, બધ્ધું છે જા, અંદર ગોત !

આપત્તિના પહાડી કિલ્લા, કંઈકને આડા આવ્યા છે,
અટકીશ મા, ધર બુદ્ધિ, સધ્ધર શક્તિ-સ્રોત પુરંદર ગોત !

ડૂબવાનું છો હો નિર્માયું, તોય અલ્યા ! તું માટી થા !
છોડ ઢાંકણી, ખાડા કૂવા, નાળા છોડ, સમંદર ગોત !

એક જ થાપે આશીર્વાદે, એક જ મીટમાં ન્યાલ થઈશ,
પરચૂરણિયા મૂક નકામા, જોગી કોક કલંદર ગોત !

શુભ-અશુભ ને સાચ-જૂઠના, જગત ખેલથી ક્યાં ભાગીશ ?
કશું ન સ્પર્શે એવું ખાખી, ભગવું એક પટંતર ગોત !

ઊપડ્યો છે તો કેજાદીનો, -ને હલ્લેસાં પણ બહુ માર્યાં,
ભલા આદમી ! ક્યાં જાવું છે ? પોતીકું ક્યાંક બંદર ગોત !

ભરતી-ઓટ-તોફાનો સઘળું, અનિવાર્ય કુદરતનો ક્રમ,
આસન તારું અડોલ રાખે, એવું જબરું લંગર ગોત !

જાંઝાં થોથાં, ઝાઝી બુદ્ધિ, ઝાઝા વાદ વિવાદે શું ?
જડીબુટ્ટી તો આ સામે રહી, સત્ય, શિવ ને સુંદર ગોત !

મળ્યા અને મળનારા જન્મે, તસુ-તસુ પણ ચડતો જા,
પાછો નહીં પડતો. જોગંદર, અંતર ગોત ! નિરંતર ગોત !

**- યોગેન્દ્ર વિ. ભટ્ટ**

# કાવ્ય આસ્વાદ

**આપણને બહાર જ જોવાની અને જે કાંઈ જોઈએ તે બહાર જ શોધવાની વર્ષો જૂની કુટેવ છે.** કવિ આપણો કાન પકડીને કહે છે : જા અંદર ગોત !

પસંદગીની વેળા આવે ત્યારે પણ આપણું ચિત્ત ક્ષુદ્ર-ક્ષુલ્લક અને ક્ષણિકમાં અટવાતું હોય છે. એમાંથી ઉગારવા માટે કવિ, અલ્પમાંથી ભૂમા તરફ વાળવા, નીચેથી ઉઠાવીને ઉપર મીટ માંડતા શીખવે છે. સામાન્યને બદલે વિશેષના પ્રેમી અને પક્ષપાતી બનવા પ્રેરે છે. ગતિમાં રસ છે તેટલો મુકામ નક્કી કરવામાં નથી. ભાઈ ! હલેસાં તો ઘણા માર્યાં ! ભલા માણસ, ક્યાં જવું છે તે બંદર તો નક્કી કર ? મુકામ નક્કી હશે તો થોડી મહેનતે ત્યાં પહોંચાશે.

કવિની દૃષ્ટિ મર્મને તાકવા તરફ દોરે છે. પુસ્તક માટે, તળપદો શબ્દ થોથાં - વાપરીને અંતે તેની નિરર્થકતા સમજાવવા માંગે છે. સત્ય-શિવ અને સુંદરતાની ઉપાસના જ જીવનની જડીબુટ્ટી છે.

આ કાવ્યનો ખુમાર માણવા જેવો છે. કેવા અધિકારથી કવિ આપણને આપણી અંદર ડોકિયું કરીને શોધવા કહે છે ! કારણ?

આપણે બહાર ફાંફાં મારીએ છીએ, ભટકીએ છીએ.

જોઇએ છે તે ચીજ ઉત્તરમાં પડી છે અને આપણે તેને શોધીએ છીએ દક્ષિણમાં !!

**જે જોઈએ છે તે બધું આપણી અંદર જ પડ્યું છે ! હા. બધું જ અંદર છે.** સ્હેજ ધીરજથી અંદર ડૂબકી દઈને ચોતરફ નીરખીએ તો જે શોધીએ છીએ તે મળી જ આવે. આપણે અંદર જોવાનું શરૂ જ નથી કર્યું. આ બધું બહારથી મળશે તેમ માનીએ છીએ. કવિ પૂર્ણ વિશ્વાસથી કહે છે : ચોક્કસ અંદર છે. ગોતશો તો જડશે જ.

આ રચના ગઝલ તરીકે પણ દાદ માંગે એવી છે. કવિ અમૃત ઘાયલે ગઝલની ઓળખ આપી છે, તે આ રચના જોતાં ખરી ઠરે છે :

**લીટી એકાદ નીરખી ઘાયલ**
**હલબલી જાય આદમી, તે ગઝલ**

સંસારની આંટીઘૂંટીથી ઊગરવા માટેનો રસ્તો પણ આ "ગોત!" ગઝલમાં સુંદર દર્શાવ્યો છે. **જગતના ખેલથી ભાગવાને બદલે શુભ-અશુભના, સાચ-જૂઠના દ્વંદ્વ ન સ્પર્શે તેવી ચિત્તવૃત્તિ ઘડ. ઉપર ઊઠ ! એ જ રસ્તો છે.** પોતાનું યોગેન્દ્ર એવું નામ પણ કવિએ જોગંદર શબ્દ દ્વારા બતાવ્યું છે.

આ ગઝલની ત્રીજી કડી વાંચતાં શ્રી રા. વિ. પાઠકની ચિરંજીવી પંક્તિ "મરવાનું ભવ્ય નિમિત્ત" ની માંગણી યાદ આવે છે.

બહિર્મુખતામાંથી અંતર્મુખ થવાની આવી ધારદાર શબ્દાવલિથી આપણી અંદરની, ઓલવાઈ જવાની અણીએ પહોંચેલી, ચેતનાના અંગારાને ફરીથી ચેતવી લઈએ.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૩૮**

# ધર્મદેવને જીવિતદાન મળ્યું છે

વર્તમાનપત્રો વર્તમાનને પૂરેપૂરું પ્રતિબિંબિત કરવામાં મહદ્અંશે નિષ્ફળ નીવડતાં હોય છે. છતાં ક્યારેક બનતી ઉત્તમ અને પ્રેરક ઘટનાનું પ્રતિબિંબ છાપાંના એકાદ ખૂણે ઝિલાઈ જતું નજરે ચડે છે. આવું વાંચીને સત્ પ્રત્યેની મનની આશા પુનર્જીવિત થાય છે. એક એવી ઘટના હમણાં મુંબઈમાં બની. એ વાત 'જન્મભૂમિ પ્રવાસી' (૧૯-૧૦-૧૯૯૯)ના પાનાં સાત પર છપાઈ છે. તે આ પ્રમાણે છે :

*અમારી ઑફિસમાં કામ કરતા પ્યુનના ભાઈને સપ્ટેમ્બર મહિનાના એક શનિવારે, વરલીના તેમના રહેણાંકની સામી બાજુ જતાં, બેસ્ટની બસની અડફેટમાં અકસ્માત થયો. થોડા કલાકો પછી, ૩૫ વર્ષનો એ યુવાન, બે બાળકો અને પત્નીને નિરાધાર બનાવી અનંતના માર્ગે પ્રયાણ કરી ગયો. પોલિસે રાબેતા મુજબ, બસ ડ્રાઈવરની ધરપકડ કરી અને એને કસ્ટડીમાં ધકેલી દીધો. બી.ઈ.એસ.ટી. કંપનીએ પણ આ નવા જ ભરતી થયેલ ડ્રાઈવરને છૂટો કરવા માટેનાં કાગળિયાં તૈયાર કરી પોતાની ફરજ બજાવવાનાં ચક્રો ગતિમાન કર્યાં.*

*અહીં આ યુવાનને અગ્નિદાહ આપી પાછા ફરેલા કુટુંબીઓએ અને તેની વિધવા પત્ની તેમજ બાળકોએ, પોતાના આત્મજન પાછળ કાંઈક ધરમકરમ કરવાની વિચારણા કરવા માંડી. સૌ પ્રથમ જ, તેઓને પેલા યુવાન ડ્રાઈવરના પરિવારનો ખ્યાલ આવ્યો, ચિંતા થઈ. પોલિસ સ્ટેશને જઈ તે ડ્રાઈવરને છોડવાની વિનંતી કરી. પોતાને બી.ઈ.એસ.ટી. કે બીજા માધ્યમ થકી મળનાર વળતર જતું કરી, એટલી જ માગણી કરી કે આ યુવાનના પરિવારને અખંડ અને ખીલતું રાખો. કદાચ અમારી વ્યક્તિની કોઈ ચૂકથી અકસ્માત થયો હશે. એ પ્રમાણે લેખિત*

*નોંધ પણ આપી અને તેઓએ પેલા ડ્રાઈવરને છોડાવ્યો અને ફરી કામે લેવા વિનંતી કરી. ડ્રાઈવરના પરિવાર અને બાળકોને, ખરે જ, તે દિવસે ભગવાનનાં દર્શન થયા જેવી અનુભૂતિ હશે. આને એક ઉત્તમ ધર્મકાર્ય ગણી શકાય.*

આ ઘટનાનું આપણે થોડું વિશ્લેષણ કરીએ.

પૈસા સંબંધી ઉદારતાના તો પારાવાર પ્રસંગો બનતા હોય છે, જે આપણાં હૃદયને પ્રભાવિત કરી જતા હોય છે. એ જ પ્રમાણે માનસિક ઔદાર્યના પ્રસંગો જતું કરવું, ગળી જવું, મન મોટું રાખીને અણગમતી અને અપમાનજનક ઘટનાને પણ ભૂલી જવી - આવા બધા પ્રસંગોને પણ આપણે બિરદાવીએ છીએ. પણ, પ્રસ્તુત ઘટનાની તો આપણાથી કલ્પના પણ થઇ શકતી નથી ! બે બાળકો અને પત્નીને નિરાધાર બનાવી પરલોકે પ્રયાણ કરી ગયેલી પોતાની વ્યક્તિ, અને તે પણ માર્ગ અકસ્માતમાં. આવું બન્યું હોય ત્યારે તો ખાસ જે વ્યક્તિ દ્વારા આવું બન્યું હોય તેના પર દ્વેષ, અણગમો અને તિરસ્કાર પણ થાય, યાવત્ વેર ભાવના પણ બંધાઈ જાય. એ સંજોગોમાં, 'પેલા યુવાન ડ્રાઈવરના પરિવારનો ખ્યાલ કરવો, એનો વિચાર આવવો' એ વાત જ આપણને પાર્થિવ લોકમાંથી અપાર્થિવ લોકમાં લઇ જવા પર્યાપ્ત છે.

વિચાર અને ખ્યાલથી પણ આગળ વધીને 'કદાચ અમારી વ્યક્તિની કોઇ ચૂકથી અકસ્માત થયો હશે.' એવી લેખિત નોંધ આપવી અને એ ડ્રાઈવરને છોડાવવો, તે વાત જ હૃદયના કયા ખૂણામાંથી પ્રગટી હશે એ પ્રશ્ન અનુત્તર જ રહે છે.

આપણે જે માટીના બનેલા છીએ એ માટીમાંથી તો આવી કોઇ ચીજ નીપજે તેવું આપણે માની શકતાં નથી. છતાં આવા

કાળની અંદર પણ આવી ઘટના બને તે જાણીને આપણું મન હતાશાની ગર્તામાંથી બહાર આવે છે. મનમાં એક આશાનો સંચાર થાય છે.

**નથી ગમતું ઘણું, પણ કૈંક એવું ગમે છે; બસ,**
**એણે કારણે, આ ધરતી પર રહેવું ગમે છે.** (કરસનદાસ માણેક)

આપણામાં પડેલી સુષુપ્ત માનવચેતનામાં સળવળાટ થાય છે. કવિ સ્વપ્નિલે કહ્યું છે તેવું કહેવાનું મન થઇ આવે છે :

**તમારામાં કે મારામાં**
**કાંઈ માણસ જેવું**
**ખૂણેખાંચરે હોય કશું,**
**તો હળવે હળવે એને**
**ચાલ પીગળવા દઈએ.**
**અને પછી એ માણસમાં**
**જો પાણી જેવું હોય તો,**
**આખે આખી બરફશિલાને**
**ચાલ વહાવી દઈએ.**

દુનિયામાં ચોતરફ દુરિત જ છે અને દુષ્ટ તત્ત્વનું જ સામ્રાજ્ય છવાયેલું છે એવું નથી. હજી સૂર્ય નિયમિત ઊગે છે, પુષ્પો રોજ-રોજ નવી જ રૂપ-રંગ-છટા સાથે સુવાસ પ્રસરાવતાં ખીલે છે. કોયલ અને દૈયડનો મધુર કલરવ, સવાર પડતાં જીવનનું મધુર મંજુલ ગાન રેલાવે છે. સ્વચ્છ આકાશમાં ટમટમતા તારાઓ, હજી પણ જીવન જીવવા જેવું છે તેવો સંદેશો આપે છે. સમુદ્રનાં ભરતીઓટ નિયમબદ્ધ રહીને સતત થતાં રહે છે. તે બધું આવા સત્તત્ત્વના પ્રભાવે જ બને છે. જીવન જીવવાના ઉત્સાહને ટકાવવાનાં આ બધાં પરિબળો છે.

સાથે સાથે, જીવનના પર્યાય જેવું મૃત્યુ તો અનિવાર્ય અને અફર છે; તો તેના માટે :

**જન્મ લીધો ત્યારથી મરવું અફર છે ભાગ્યમાં,**
**કઈ રીતે, કોના ઉપર, બસ; એટલું નક્કી કરો.**

**આવી ઘટના, જેને સમાચાર કહેવાય છે એને વારંવાર હૃદયસ્થ કરીએ અને સત્ ઉપરની શ્રદ્ધાને દૃઢાવીએ.** સરવાળે જીવનમાં દુરિતનું જોર ઘટશે. દુરિત ઘટશે અને સત્‌નો પ્રસાર સર્વત્ર ફેલાતો અને રેલાતો રહેશે.

આવી ઘટના બને છે ત્યારે વિશ્વાસ દૃઢ થાય છે કે ધર્મદેવ હજી જીવતા છે. **ભલે મંદ પ્રકાશવાળો પણ સત્‌શ્રદ્ધાનો દીવડો હજી ટમટમે છે. એ પ્રકાશ છે ત્યાં સુધી ચિંતા નથી, આશા છે. ઉજ્જવળ ભાવિની એંધાણી છે.**

આપણે માંગીએ છીએ ને કે :
**હરિ મને આપોને એક એંધાણી...**

આને એંધાણી જ કહીશુંને !

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૧૪**